પાટનગરના વૃદ્ધને નોન સ્ટોપ રેડીયો સાંભળવાનો ગજબ શોખ

છેલ્લા ૪૨ વર્ષથી પોતાના નાનકડા ગલ્લા પર બેસીને સવારથી સાંજ વિવિધ ભારતી જ સાંભળ્યા કરે છે

ગાંધીનગર, તા. ૧૦

બદલાતા આધુનિક જમાનામાં આજે જ્યારે યુવાનથી લઈ વૃદ્ધો નવી ફિલ્મો અને તેના ગીતો પાછળ ઘેલા થયા છે ત્યારે ગાંધીનગરના એક ૬૮ વર્ષિય ધંધાદારી દિલીપસિંહ રતનસિંહ વાઘેલા આજે પણ લય, તાલ વગરનું ઘોઘાટીયુ સંગીત સાંભળવાના બદલે નિયમિત વિવિધ ભારતી રેડીયો પર પ્રસારીત થતા ગીતો છેલ્લા ૪૨ વર્ષથી અવિરત સાંભળે છે.

ગાંધીનગર શહેરમાં ૧૯૭૦થી વસતા દિલીપસિંહે પહેલા જી.ટી.એસ.માં નોકરી કરતા હતા. તેઓ નિવૃત્ત જીવન ગાળી રહ્યા છે. અત્યારે પોતે સોનલ પાન હાઉસ સેક્ટર-૧૭માં ચલાવી પોતાનું ગુજરાત ચલાવે છે. સવારના ૭ વાગ્યાથી રાત્રીના ૧૧ વાગ્યા સુધી જ્યા સુધી વિવિધ ભારતીનું પ્રસારણ થાય છે ત્યાં સુધી રેડીયો સાંભળ્યા જ કરે છે. વહેલી સવારથી સાંજ ક્યા પડી જાય છે તે મને ખબર પણ પડતી નથી. તેઓ પોતાનો રેડીયો સાંભળવામાં જ મસ્ત રહેતા હોય છે. તેમને વધુમાં પૂછતા તેઓએ કહ્યું હતું કે તેમને દિલીપકુમાર સૌથી પસંદગીનો હીરો છે. તેમણે તેના જમાનામાં એના એક પણ ફિલ્મ જોયા ન હોય તેવું બન્યું નથી. પહેલા તેઓ ગાંધીનગરથી અમદાવાદ પણ દિલીપકુમારના ફિલ્મ જોવા માટે ગયેલા છે.

(તસવીર : દિપક જાની)

૬૮ વર્ષની ઉંમરે પણ તેઓને રેડીયો ઉપર વાગતા તમામ ગીતોના સંગીતકાર, ગાયક અને કલાકારો પહેલેથી જ જણાવી દે છે. તેવોનું માનવું છે કે જુના ગીતો આજે પણ સાંભળીએ તો કાનને સાંભળવા ગમે છે. આજની ફિલ્મોના ગીતોમાં કોઈ જ પ્રકારનું સંગીતના કોઈ તાલમાં સમજણ પડતી નથી. એટલા જ માટે તેઓ કહે છે કે જેટલું જુનુ હોય છે તે સોનુ છે અને આજે પણ તેને અનુરૂપ તેઓ વિવિધભારતી સાંભળવું જ પસંદ કરે છે. જુદા જુદા એફ.એમ. વિશે પૂછતા તેમણે જણાવ્યું હતું કે તે આજની યુવા જનરેશન માટે છે. તેમાં પણ જાણવા અને સમજવા માટે ગણું બધુ આવે છે. પરંતુ અત્યારે મારા માટે એ જ જરૂરી નથી. એટલા માટે હું સાંભળતો નથી. તેમના પાનના ગલ્લા ઉપર લાઈટની સગવડ નથી. એટલે માટે તેઓ પાવરથી ચાલતો રેડીયો વાપરે છે. અને અંદાજીત મહિનાના થઈ ૯ પાવર વપરાય છે. જેનો અંદાજીત ખર્ચ ૧૫૦ રૂપિયા થાય છે. તેમ છતાં તેઓ રેડીયો સાંભળે છે. તેઓને મહોમદ રફીનો અવાજ અને લતા મંગેશકરનો અવાજ ખુબજ પસંદ છે. તેમણે ધૂલ કા ફૂલ, સસુરાલ, સૂરજ આ ફિલ્મોના ગીતો પણ ખુબજ પસંદ છે. તેઓ અવારનવાર સાંભળવા ગમે છે.તેમના પરિવારમાં પત્ની, બે બેબી અને એક બાબો છે. તે પણ તેમના આ શોખમાં મદદરૂપ થાય છે. દિલીપસિંહને અત્યારે ટી.વી. જોવાનું પસંદ નથી. સમય હોય કે ના હોય તેમના પાનના ગલ્લા ઉપર તમને હંમેશા વિવિધ ભારતી સાંભળતા જોવા મળશે. તેઓનો જ્યારે ગલ્લો ન હોતો ત્યારે તેઓ તેમના કાકાના ઘરે રેડીયો સાંભળવા જતા હતા. આજના આધુનિક અને આટલા ઝડપી યુગમાં પણ દિલીપસિંહ જેવા માણસ મળી રહે છે.

ટ્રેડફેરનો રેલો ડેપોની કેન્ટીન સુધી પહોંચ્યો : ઉઘાડી લુંટ શરૂ

(તસવીર : દિપક જાની)

વિઝીટર્સના ભારે ધસારાનો લાભ લઈ કેન્ટીન સંચાલકે તમામ ખાદ્યચિજોના ભાવ બમણા કરી મુક્યા

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગરના હેલીપેડ ગ્રાઉન્ડમાં યોજાઈ રહેલા વાઈબ્રન્ટ ટ્રેડફેરમાં અતિશય ધસારો પ્રદર્શન જોવા માટે થઈ રહ્યો છે ત્યારે ટ્રેડફેરની કેન્ટીનમાં ત્રણ-ત્રણ ગણાં ભાવથી કંટાળીને ભુખ-તરસ દબાવી રાખીને વીઝીટર્સ હેમ-ખમ બહાર જઈને નાસ્તા-પાણીનો આગ્રહ રાખે છે ત્યારે આ તકનો લાભ ગાંધીનગર એસ.ટી. ડેપોની કેન્ટીનના સંચાલકોએ ઉઠાવી લીધો છે ડેપોની કેન્ટીનના ટ્રેડફેરને પગલે ભારે ભીડ નાસ્તા-પાણી માટે લાગી તો કેન્ટીન સંચાલકોએ નિગમના ટેન્ડર દરમ્યાનના તમામ નિયમો નેવે મુકીને ખાદ્ય ચિજોના બમણા ભાવ કરી દઈ ઉઘાડી લુંટ શરૂ કરી દીધી હોવાની ફરીયાદો ઉઠવા પામી છે.

વાઈબ્રન્ટ ટ્રેડફેરને નિહાળવા માટે હજારો વિઝીટર્સ રોજ મુલાકાતે આવે છે. વિઝીટર્સને તમામ એક્ઝીબીશન હોલને જોવા સામાન્ય રીતે બે થી ત્રણ કલાક નીકળી જાય છે. તેની સામે તેટલુ જ ચાલવુ પડે છે જેથી ભુખ-તરસની જવાળાને બુઝાવવા કેન્ટીને પહોંચે તો તમામ ચિજવસ્તુના ત્રણ ગણાં ભાવ જોઈને મધ્યમ વર્ગના વિઝીટર્સને ચક્કર પણ બમણાં આવવા લાગે તેવી સ્થિતિ સર્જાય છે. ભુખ-તરસ દાબી રાખીને બહાર નાસ્તા-પાણી કરવાનું નક્કી કરે છે. ત્યારે બહાર પણ 'મોકો જોઈને ચૌકો' મારવા લોકો તૈયાર જ જોવા મળે છે. એસ.ટી. ડેપોમાં ટ્રેડફેરને પગલે ભારે ધસારો છે. જેને પગલે તકનો લાભ લઈને એસ.ટી. ડેપોના કેન્ટીન સંચાલકોએ પણ પોતાની ખાદ્યચિજવસ્તુઓના ભાવ બમણા કરી દીધા છે. સામાન્ય રીતે રૂ. ૨પમાં આપવામાં આવતી પુરી-શાકની ડીશના ભાવ રૂ. ૪પ કરી દેવાયા અને રૂ. ૧૦ની વેચાતી દાબેલીના રૂ. ૨૦ કરી દેવાયા હોવાની મળેલી ફરીયાદો ઉપરાંત તમામ ખાદ્યચિજોના ભાવ વધારીને બમણાં કરી દઈ મજબુર મધ્યમવર્ગીય વિઝીટર્સની પાસેથી ઉઘાડી લુંટ શરૂ કરી દેવામાં આવીછે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૭.૧૬

સૂર્યાસ્ત : ૬.૧૭

તાપમાન

મહત્તમ : ૨૮.૮ ડિ.સે.

લઘુત્તમ : ૮.૨ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૫૯ ટકા ● સાંજે ૩૩ ટકા

મનોરંજન

સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :
ટેબલ નં. ૨૧ : ૧૦.૦૦
મટરું કી બિજલી કા મન ડોલા :૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૪૫

: સ્ક્રીન-૨ :
મટરું કી બિજલી કા મન ડોલા : ૧૦.૦૦, ૪.૩૦, ૭.૩૦
દબંગ-૨ : ૧.૩૦, ૧૦.૧૫

: સ્ક્રીન-૩ :
મટરું કી બિજલી કા મન ડોલા : ૬.૩૦, ૯.૪૫

: સ્ક્રીન-૪ :
મટરું કી બિજલી કા મન ડોલા : ૧૦.૦૦
ટેબલ નં. ૨૧ : ૧૨.૪૫, ૩.૦૦
દબંગ-૨ : ૫.૦૦, ૭.૩૦

: સ્ક્રીન-૫ :
મટરું કી બિજલી કા મન ડોલા : ૩.૩૦, ૯.૪૫

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
મટરું કી બિજલી કા મન ડોલા : ૯.૧૫,૧૨.૧૫, ૬.૧૫, ૯.૧૫
લાઈફ ઑફ પાય ૩ડી(હિન્દી) : ૩.૧૫

: સ્ક્રીન-૨ :
ટેબલ નં. ૨૧ : ૧૦.૦૦, ૩.૦૦, ૮.૦૦
દબંગ-૨ : ૧૨.૩૦, ૫.૩૦, ૧૦.૧૫

: સ્ક્રીન-૩ :
મટરું કી બિજલી કા મન ડોલા : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૪ :
મટરું કી બિજલી કા મન ડોલા :૮.૩૦,૧૧.૩૦,૨.૩૦,૫.૩૦, ૮.૩૦

સૂર્યા, વાવોલ

મટરું કી બિજલી કા મન ડોલા : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
તારા રૂદિયાની રાણી બોલે બંધાણી : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
વિશ્વરૂપ: ૧૦.૩૦, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૨ :
મટરું કી બિજલી કા મન ડોલા :૧૦.૪૫, ૧.૩૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :
દબંગ-૨ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦
મટરું કી બિજલી કા મન ડોલા : ૬.૩૦

ચિરાગ, કલોલ

ઘાયલ (ગુજરાતી) : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

આંબેડકર હોલ

- ધી ટેલિકોમ્યુનિકેશન સ્ટાફ ક્રેડિટ સોસાયટી, ગાંધીનગર દ્વારા સ્નેહમિલન કાર્યક્રમ સવારે ૧૧.૦૦ કલાકે.

આપની આજ

મેષ : વિરોધીઓની તરફ ધ્યાન ન આપીને સ્વયં કાર્ય કરો. વિષમ પરિસ્થિતિમાં પણ ધૈર્ય બનાવી રાખવું પડશે. વ્યપારની બાબતમાં યોગ્ય નિર્ણય ન લેવાથી હાનિ થઈ શકે છે.

વૃષભ : નવી કાર્યયોજનાના યોગ પ્રબળ બની રહ્યા છે. માલ મિલકતના પ્રશ્નો ઉકેલાશે. રહેઠાણ સંબંધી સમસ્યા રહી શકે છે. કુટુંબમાં કોઈ સભ્યની ઉન્નતિથી સામાજિક સમ્માન વધશે.

મિથુન : બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં વૃદ્ધિ થશે. વ્યાપાર- વ્યવસાય પર ધ્યાન આપો. શત્રુઓથી હાની થવાની સંભાવના છે. કાયદાકીય બાબતોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે.

કર્ક : સ્વપ્નાઓ સાકાર થઈ શકશે. આળથી બચીને સક્રિય થઈ જવું તમારા માટે લાભકારક રહેશે. ઉપહાર મળી શકે છે. વ્યાપાર- વ્યવસાયમાં ઉન્નતિ થશે.

સિંહ : યાત્રા થઈ શકે છે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સગા-સંબંધીઓથી મુલાકાત થશે. વ્યપારમાં અનાયાસ ખલેલ પહોંચી શકે છે. ખાન-પાનની ગડબડીથી આરોગ્ય ખરાબ થઈ શકે છે.

કન્યા : રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વ વધશે. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો. લગ્ન સંબંધી ચર્ચા ચાલશે.

તુલા : દિનચર્યા ખૂબ વ્યસ્ત અને વ્યવસ્થિત રહી શકશે. નોકરીમાં સ્થિતિ સુધરશે. દરેક ક્ષેત્રમાં સમ્માન મળશે. વેપાર ક્ષેત્રમાં નવી યોજનાઓથી લાભ.

વૃશ્ચિક : વ્યાપાર અથવા આજીવિકાના ક્ષેત્રમાં નવીન યોજનાઓનું શ્રીગણેશ થશે. વિચારેલા બધા કાર્યોમાં શુભ પરિણામ પ્રાપ્ત થઈ શકે છે.

ધન : ઈચ્છિત કાર્ય પૂર્ણ થઈ શકશે. આરોગ્ય સારું રહી શકશે. વિલાસિતાની વસ્તુઓ ખરીદવાનો યોગ બનશે. કાર્ય કરવાની સ્થિતિમાં સુધાર અને ગુણાત્મકતા આવશે.

મકર : મકાન સંબંધી સમસ્યાનો સમાધાન થવાનો યોગ છે. ભૌતિક સુખ- સમૃદ્ધિ વધશે. પિતાથી વ્યવસાયિક મતભેદ થવાની આશંકા છે. કાર્યક્ષેત્રનો વિસ્તાર થશે. આરોગ્ય સારું રહેશે.

કુંભ : લાભનો માર્ગ ખુલ્લો થશે. આર્થિક ચિંતા જરાકમાં જ ઉકેલાઈ શકે છે. વ્યવસાયમાં વૃદ્ધિનો યોગ છે. નિર્ણય લેવામાં વિલંબ ન કરો. કાર્યની ગતિ બનાવી રાખો. જોખમના કાર્યથી બચવું.

મીન : નાણાંકીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત થશે. યશ, ઉત્સાહમાં વધારો થશે. પ્રયાસ સાર્થક થશે. મનોરંજન. મનોરંજન, સંતાન સંબંધી કાર્યોમાં ધન ખર્ચ થશે.

ચિરવિદાય

- સ્વ. ચંદુજી બબાજી ઠાકોર (ઉ.વ.૫૦) મુ.પો. રાજપુર તા., જિ. ગાંધીનગર.
- સ્વ. રેવાભાઈ મોહનભાઈ વાલ્મિકી (ઉ.વ.૪૬) બ્લોક નં. ૧૬૪/૪, જ-૨ ટાઈપ, સેકટર-૭, ગાંધીનગર.

કર્મચારીના મોતથી આર.ટી.ઓ. કચેરીમાં સૂનકાર : બંધ પાળ્યો

ગાંધીનગર, તા. ૧૦

વસ્ત્રાલ આર.ટી.ઓ. કચેરીમાં એજન્ટના હૂમલાથી ગંભીર રીતે ઘવાયેલ કર્મચારીનું મોત નિપજતા આજે રાજયની આર.ટી.ઓ. કચેરીઓએ બંધ પાળ્યો હતો. ગાંધીનગર આર.ટી.ઓ. કચેરીના કર્મચારીઓ પણ ઘટનાનો વિરોધ વ્યક્ત કરી જવાબદાર સામે પગલા લેવાની ઉગ્ર માંગ સાથે કામથી અળગા રહ્યા હતા. કર્મચારીના મોત બદલ શોકની લાગણી વ્યક્ત કરી હતી.

'ગ' માર્ગ પર સ્થિત રાજયની પ્રથમ હાઈટેક આર.ટી.ઓ. કચેરીમાં આજે અનોખો સૂનકાર જોવા મળ્યો હતો. આડા દિવસે વાહનચાલકોની અવર-જવરથી ધમધમતી આર.ટી.ઓ. કચેરીમાં આજે શોકમગ્ન વાતાવરણ જોવા મળ્યું હતું. ગત મહિના દરમિયાન વસ્ત્રાલ સ્થિત આર.ટી.ઓ. ઓફિસમાં બનેલી ઘટનાના અંતે ઈજાગ્રસ્ત કર્મચારીનું મોત નિપજતા રાજયની આર.ટી.ઓ. કચેરીના કર્મચારીઆલમમાં ઘેરા શોકની લાગણી વ્યાપી છે. આશરે ૨૦ દિવસ અગાઉ વસ્ત્રાલ આર.ટી.ઓ. ઓફિસમાં કોઈ નજીવી બાબતે એજન્ટે આર.ટી.ઓ.ના કર્મચારી પર છુરી હુલાવી દીધી હતી. ગંભીર રીતે ઘવાયેલા કર્મચારીને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યારે સારવાર દરમિયાન તેમનું મોત નિપજ્યું હતું. એજન્ટના હુમલાનો ભોગ બનેલા કર્મચારીના મોતથી આર.ટી.ઓ.ના કર્મચારીગણમાં ઘેરા પ્રત્યાઘાતો પડ્યા છે. કર્મચારીનું મોત નિપજતા રાજયની વિવિધ આર.ટી.ઓ. કચેરીએ આજે બંધ પાળ્યો હતો. ગાંધીનગર સ્થિત આર.ટી.ઓ. ઓફીસમાં પણ સૂનકાર જોવા મળ્યો હતો. કર્મચારીઓએ શોકની લાગણી વ્યક્ત કરી કામથી અળગા રહ્યા હતા જ્યારે આ ઘટનામાં જવાબદાર સામે ઝડપી અને ન્યાયી કાર્વાહી હાથ ધરાય તેવી લાગણી વ્યક્ત કરી હતી.

ગાંધીનગરમાં વસતા બનાસકાંઠાના પરિવારોની ડિરેક્ટરી તૈયાર કરાશે

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર બનાસકાંઠા જિલ્લામાંથી વેપાર, નોકરી અભ્યાસ અર્થે ગાંધીનગર શહેરમાં વસવાટ કરતા પરિવારોની બનાસકાંઠા મિત્ર મંડળ, ગાંધીનગર દ્વારા ડિરેક્ટરી બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે.

ગાંધીનગરમાં હમ વતન વાસીઓને નજીક લાવી તેમના વચ્ચે પરિવાર સેતુ સ્થાપિત કરવા અને તે થકી બનાસકાંઠા જિલ્લો વિકાસશીલ બને તેવો પ્રયાસ છે. ગાંધીનગર શહેર અને આસપાસના ગામમાં રહેતા પરિવારોની એક યાદી ડિરેક્ટરી બનાવવાની છે જે અર્થે બનાસકાંઠાના વતની પરિવારની માહિતી 'બેસ્ટ કમ્પ્યૂટર એન્ડ પ્રિન્ટીંગ' ૧૭/૨૨, બસસ્ટોપ પાસે, શ્રીનાથ કોમ્પલેક્ષ, સેક્ટર-૨૨, ગાંધીનગર જિજ્ઞેશ રાવલને પહોંચાડવા જણાવાયું છે. આ અંગેની વધુ વિગતો મો. નં. ૯૯૯૮૭૮૭૫૨૦ પરથી મેળવી શકાશે.

સેકટર-૪ના ઓમકારેશ્વરમાં સુંદરકાંડ પાઠ

ગાંધીનગર, તા. ૧૦

સેકટર-૪ ના ઓમકારેશ્વર મહાદેવમાં શિવમહાપુરાણ કથાની પુર્ણાહૂતિ થઈ છે. વ્યાસપીઠ પર પૂ. ભારતી બાપુએ પોતાની આગવી શૈલીમાં રસપાન કરાવ્યું હતું. ગાંધીનગરના અગ્રણીઓએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી. તા. ૧૧મી જાન્યુઆરી બપોરે ભારતી બાપુ વ્યાસપીઠથી સુંદરકાંડનું ગાન કરશે. કથાની પૂર્ણાહૂતિ પ્રસંગે ધર્મપ્રેમીઓને હાજર રહેવા જણાવેલ છે.

આમ આદમી પાર્ટી સંગઠનની બેઠકમાં નવા કાર્યકરોને નિમંત્રણ

ગાંધીનગર, તા.૧૦

ભ્રષ્ટાચાર મુકત ભારત અને સાચા સ્વરાજની સ્થાપના માટે અસ્તિત્વમાં આવેલી આમ આદમી પાર્ટી ગુજરાતની સંગઠન મજબૂતીકરણની બેઠક તા.૧૦ થી ૧૩મી જાન્યુઆરી સુધી ચાલશે. જેમાં નવા કાર્યકરો અને સ્વયંસેવકોને નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

ગાંધીનગર જિલ્લા સંગઠનની પ્રક્રિયા માટે બેઠક બોલાવવામાં આવી છે. સવારે ૮ થી ૧૨ દરમિયાન તા.૧૩મી જાન્યુઆરી સુધી સમગ્ર બેઠક યોજાશે.

આ અંગે કલોલ, માણસા, દહેગામ અને ગાંધીનગર તાલુકાના ઈચ્છુક મિત્રોએ રશ્મિનભાઈ ત્રિવેદી, પ્લોટ નં. ૫૧૪/૧, સેકટર-૮ ગોકુલ સોસાયટી, ગાંધીનગરનો સંપર્ક કરવા જણાવાયું છે. આ અંગેની વધુ વિગતો કિશનભાઈ સોલંકીને મો.નં. ૯૯૯૮૨૧૨૪૬૦ પર સંપર્ક કરવાથી મેળવી શકાશે.

ગુજરાત મેરીટાઈમ બોર્ડ મહામંડળના પ્રમુખની વરણી

ગુજરાત મેરીટાઈમ બોર્ડ કર્મચારી સંઘ મહામંડળની તાજેતરમાં બેઠક યોજાઈ હતી. જેમાં ગુજરાત મેરાટાઈમ બોર્ડ કર્મચારી સંઘ મહામંડળ ગાંધીનગરના પ્રમુખ તરીકે મોરબી વિસ્તારના ધારાસભ્ય કાંતિલાલ એસ. અમૃતિયાની વરણી કરવામાં આવી છે. કે.એસ. અમૃતિયાની પ્રમુખ તરીકે થયેલી વરણીને બોર્ડના સૌ કર્મયોગીઓએ ઉત્સાહપૂર્વક વધાવી લીધી છે એમ મહામંત્રી જે.આર. શ્રીમાળીએ જણાવ્યું છે.

રાંધેજા ફાટક પાસે અકસ્માતમાં ૧૦ વર્ષના બાળકનું કરૂણ મૃત્યુ

બેફામ ગતિએ જતી મારૂતિ વાને પાછળથી બાઈકને અડફેટે લીધુ : નવી શરૂ કરેલી દુકાન પત્નિ-સંતાનને બતાવીને યુવાન પરત પરી રહ્યો હતો

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર નજીકનાં રાંધેજા ગામમાં તાજેતરમાં જ પાર્ટનરશીપમાં નવી શરૂ કરેલી ફેબ્રીકેશનની દુકાન બતાવવા યુવાન તેની પત્નિ અને ૧૦ વર્ષના સંતાનને બાઈક પર લઈને આવ્યો હતો. દુકાન બતાવીને સાંજે ત્રણેય બાઈક પર પરત ફરી રહ્યા હતા. તે દરમ્યાન રાંધેજા ફાટક નજીક પાછળથી પુરપાટ ઝડપે આવી રહેલી મારૂતી વાને બાઈકને અડફેટે લઈ લેતા ત્રણેય બાઈક સવાર ગંભીર રીતે ઘાયલ થયા હતાં. જેમાં સારવાર દરમ્યાન ૧૦ વર્ષના બાળકનું મૃત્યુ થયું હતું. પેથાપુર પોલીસે ગુનો નોંધીને ફરાર થઈ ગયેલા વાન ચાલકની શોધખોળ આરંભી છે.

કલોલની બ્રહ્મણી સોસાયટીમાં રહેતા સંજયકુમાર પ્રજાપતિએ તાજેતરમાં રાંધેજા ખાતે ભાગીદારીમાં ફેબ્રીકેશનની નવી દુકાન શરૂ કરી હતી. પોતાની પત્નિ અને સંતાનને આ નવી દુકાન બતાડવાના હરખ સામે સંજયકુમાર બાઈક પર બન્નેને બેસાડીને રાંધેજા લઈ આવ્યા હતા. સાંજના અરસામાં બાઈક પર તેઓ પરત ફરી રહ્યા હતા. તે દરમ્યાન રાંધેજા ફાટક નજીક તેમને અકસ્માત નડ્યો હતો. બેફામ ગતિએ પાછળથી આવી રહેલી મારૂતી વાન નં. જીજે-૧-પીપી-૨૫૮૭ના ચાલકે બાઈકને ટક્કર મારતા બાઈક ચાલક સંજયકુમાર તેમની પત્નિ સુધાબેન અને ૧૦ વર્ષનો દિકરો પાર્થ ફંગોળાઈને રસ્તા પર પટકાયા હતા. આ અકસ્માતમાં ગંભીર રીતે ઘવાતા ત્રણેયને હોસ્પિટલ સારવાર અર્થે લઈ જવાયા હતા. દરમ્યાન ૧૦ વર્ષિય પાર્થનું હોસ્પિટલમાં જ સારવારમાં પ્રાણ પંખેરૂ ઉડી જવા પામ્યું હતું. જ્યારે સંજયકુમાર અને તેમની પત્નિની હાલત હજુ ગંભીર છે. અકસ્માત સર્જીને કારચાલક ફરાર થઈ ગયો હતો. સંજયકુમારની ફરીયાદને આધારે પેથાપુર પોલીસે ગુનો નોંધી એ.એસ.આઈ. લક્ષ્મણસિંહે વધુ તપાસ આરંભી છે.

ભાજપના નવા ચૂંટાયેલા ત્રણ ધારાસભ્યોનો સન્માન સમારંભ યોજાયો

ગાંધીનગર જિલ્લાના ખોરજ મુકામે તાજેતરમાં ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય અશોકભાઈ પટેલ, ગાંધીનગર દક્ષિણના ધારાસભ્ય શંભુજી ઠાકોર અને જાખોરાના વતની અને દસાડા મત વિસ્તારના ધારાસભ્ય પૂનમભાઈ મકવાણાનો સન્માન સમારંભ યોજાયો હતો. નવા ચૂંટાઈ આવેલા ત્રણ ધારાસભ્યોના સન્માન સમારંભમાં પૂર્વ નાયબ મુખ્યમંત્રી નરહરિભાઈ અમીન, ગાંધીનગર મહાનગરના મેયર મહેન્દ્રસિંહ રાણા, કલોલ નગરપાલિકાના પ્રમુખ પ્રહલાદભાઈ પટેલ તેમજ જિલ્લા તાલુકાના સંગઠનના હોદ્દેદારો અને કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન ગાંધીનગર તાલુકા યુવા મોરચાના મહામંત્રી હર્ષદભાઈ પટેલ અને ચંદ્રકાન્તભાઈ પટેલે કર્યું હતું.

મિત્રો, આપણો પતંગોત્સવ પક્ષીઓ માટે ઘાતક ન બને તેની કાળજી રાખીએ

ઘાયલ પક્ષીઓની જાણ બર્ડ રેસ્ક્યૂ હેલ્પલાઈન પર કરીએ

ગાંધીનગર, તા.૯

આનંદ અને ઉલ્લાસના પર્વ એવા ઉત્તરાયણમાં આબાલવૃધ્ધ સૌ આકાશમાં પતંગો ચગાવી આનંદ મેળવે છે ત્યારે કેટલાય નિર્દોષ પક્ષીઓની પાંખો, ડોક આ પતંગની ઘાતક દોરીના સ્પર્શ માત્રથી કપાઈ જાય છે અને અબોલ પક્ષી લોહી વહેતા તરફડીયા મારી મૃત્યુ પામે છે. આવી ઘાતક ઘટના ન બને તે માટે ગાંધીનગર જિલ્લાના પૂર્વ માનદ વાઈલ્ડ લાઈફ વોર્ડન અને પ્રકૃતિ પ્રેમી ચૈતન્ય નિમાવતે નગરજનોને કેટલીક લેવા યોગ્ય સાવચેતી તરફ અંગુલી નિર્દેષ કર્યો છે.

પતંગોત્સવ પક્ષીઓ માટે ઘાતક ન બને તે માટે સવારે સૂર્યોદય પછીના બે કલાક અને સાંજે સૂર્યાસ્ત પહેલા બે કલાક અને સૂર્યાસ્ત બાદ ૧૫ મિનિટના સમયગાળામાં પતંગ ન ચગાવવા આ સમયગાળામાં પક્ષીઓની ચહલપહલ મહત્તમ હોય છે. ચાઈનીઝ દોરીનો ઉપયોગ ન જ કરવો. આ દોરી અત્યંત ઘાતક અને સ્થિતિ સ્થાપક હોય છે. તેથી તેનો સ્પર્શ કે ઘસારો પક્ષીઓ માટે જીવલેણ નીવડે છે. નકામી દોરી કે દોરીના ગૂંચળા જયાં ત્યાં ન ફેંકતા તેનો તરત જ નાશ કરી નાખવો. જેથી તેમાં ફસાઈને કોઈ પક્ષી મોતને ન ભેટે! રાત્રીના સમયે ફટાકડા ન ફોડવા. ફટાકડાના અવાજથી ભડકીને ઉડેલા પક્ષીઓ વૃક્ષમાં કે અન્ય જગ્યાઓ પર ફસાયેલી દોરીનો શિકાર આસાનીથી બની જાય છે.

જો કયાંય પણ ઘાયલ પક્ષી દેખાય તો વન વિભાગ ગીર ફાઉન્ડેશન અને વનશ્રી ટ્રસ્ટ દ્વારા શરૂ કરાયેલી બર્ડ રેસ્ક્યૂ હેલ્પ લાઈનને જાણ કરવી જેથી તરત જ ઘાયલ પક્ષીની પધ્ધતિસરની સારવાર કરીને તેનો જીવ બચાવી શકાય.

બર્ડ રેસ્ક્યૂ હેલ્પલાઈન ફોન નંબર

(૧) ૨૩૨૨૦૫૬૦
(૨) ૨૩૨૬૦૬૩૨
(૩) ૯૫૫૮૦૩૦૭૭૧
(૪) ૯૮૨૪૨ ૫૬૪૧૦
(૫) ૯૫૫૮૬૭૬૧૨૮
(૬) ૮૪૬૦૬૧૯૫૧૯
(૭) ૧૦૧